# પગાર ડેટા સુચના

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ પ્રાથમિક, પ્રાયોગિક પ્રાથમિક, સંસ્કૃત પાઠશાળા, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓનાં માહે: **ડીસેમ્બર-૨૦૨૦** પેઇડ ઇન જાન્યુઆરી-૨૦૨૧નાં **પગાર ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે.**

| અ.નં. | તારીખ | વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૫/૧૧/૨૦૨૦ | બુધવાર | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦, ૨૫૧, ૨૫૪,૨૫૬,૨૫૮,૩૦૧ | ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કુલ, નાનપુરા,સુરત. | ૧૧-૦૦ થી ૪-૦૦ |
| ૨ | ૨૬/૧૧/૨૦૨૦ | ગુરુવાર | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭, ૨૬૧,૨૭૩ | બી.એ.બી.એસ. હાઈસ્કુલ,બારડોલી | ૧૧-૦૦ થી ૪-૦૦ |

(૧)પગારના ડેટા પોતાની શાળાના કલાર્ક અથવા આચાર્યશ્રીએ જાતે લઈને આવવાનું રહેશે.

(૨)માહે:નવેમ્બર-૨૦૨૦નું ઓનલાઈન પગારબીલ કાઢીને ડેટા રજુ કરવાના રહેશે.

(૩) જે શાળાઓના દેનાબેંક માંથી બેંક ઓફ બરોડા થઈ ગયેલ છે. અને મેસેજ આવેલ છે. તેઓએ ડેટા પત્રક-૧માં ભરી રજુ કરવાના રહેશે.જેઓએ રજુ કરેલ છે. તેઓએ આપવાના નથી. જેની નોંધ લેશો.

(૪)સદર માસમાં પગાર ડેટા સાથે **માહે :- ડીસેમ્બર - ૨૦૨૦ ની મહેકમ માહિતી આપવાની ગત વર્ષના નમૂના મુજબ બનાવી રજુ કરવાના રહેશે.**

(૫)બોનસના તથા ડી.એ. તફાવતના ડેટા અલગ-અલગ રજુ કરવાના રહેશે.

(૬)**ડેટામાં બે કર્મચારી વચ્ચે એક લીટી છોડવાની રહેશે. જો તેમ ન કરો તો તે ડેટા સ્વીકારવામાં આવશે નહી. જેની નોંધ લેશો.**

(૭)ઉપરોક્ત તારીખે જ ડેટા સ્વીકારવામાં આવશે, ત્યારબાદ પગાર ડેટા સ્વીકારવામાં આવશે નહી, તેની ખાસ નોંધ લેશો.

**હિસાબી અધિકારી(વર્ગ-૨)**
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
**સુરત જિલ્લો,સુરત.**

**તારીખ:-૨૧/૧૧/૨૦૨૦**
**સ્થળ:-સુરત**

Scanned by CamScanner

**BY Email**

જા.નં.પગાર/ડી.એ/માહે-૭/૨૦૧૯ થી ૯/૨૦૧૯/ 12045

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક,
ત્રીજો માળ,અઠવાલાઇન્સ,સુરત.
તા.૨૧/૧૧/૨૦૨૦.

નકલ રવાના જાણ તથા અમલ સારું.

૨/- સરકારશ્રીનાં નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૧૬/જીઓઆઇ/૭-ચ તા.૬/૧૧/૨૦૨૦ અન્વયે તા.૧/૭/૨૦૧૯ થી મોંઘ.ભથ્થુ ૧૨ % નાં ૧૭ % ( ૫%) નો વધારો રોકડમાં ચુકવવા જાહેર થયેલ છે.

૩/- માહે જુલાઇ-૨૦૧૯ થી સપ્ટેમ્બર-૨૦૧૯ ત્રણ માસના ૫ % નાં મોંઘ.તફાવતનાં પ્રથમ હપ્તા તરીકેના ડેટા નીચે જણાવેલ સુચના અનુસાર માહે ડીસેમ્બર -૨૦૨૦નાં ડેટા પત્રકમાં રજુ કરવાનાં રહેશે.

૪/- ડેટાપત્રક-૧૨ માં તા.૧/૭/૨૦૧૯ થી ૩૦/૯/૨૦૧૯ સુધીના કુલ ત્રણ માસનાં તફાવતની રકમ રોકડમાં દર્શાવવી.

૫/- ડેટાપત્રક-૧૨ માં **EMP No. / Name** ની સામે **E-15 Add.D.A** રૂ (કુલ મળવાપાત્ર રકમ) દર્શાવવી.

૬/- શાળાનાં કર્મચારીઓનાં કોમ્પ્યુટર એમ્પ્લોઇ નંબર ક્રમાનુંસાર ડેટાપત્રક તેમજ માહિતી પત્રકમાં સંળગ દર્શાવવા રહે.(માધ્ય અને ઉ.મા. એમ્પ્લોઇ નંબર ક્રમાનુંસાર એકત્ર દર્શાવવાના રહેશે.)

૭/- જે કર્મ.ઓને ઉ.પ.ધો મુજબ સુધારેલ પગાર ધોરણમાં પગાર મંજુર થયેલ હોય અને ચાલુ પગારમાં પગાર મળતો થયેલ હોય તેને ધ્યાને લઇ આ ડી.એ.વધારો આકારવાનો રહેશે.ડેટાપત્રક પાછળ ઉકત ક્રમ નં.૨ માં જણાવેલ નાણાં વિભાગનો ઠરાવ તથા કયા માસનું એરીયર્સ ડેટાપત્રક આકારવામાં આવેલ છે.તે બાબતનું પ્રમાણપત્ર આચાર્યશ્રીનાં સહિ /સિક્કા કરાવી રજુ.કરવું.

ડેટાપત્રક **A 4** સાઇઝમાં જ રજુ કરવાનાં રહેશે. અને બે એમ્પલોઇ નંબર વચ્ચે એક લીટી છોડીને જ દર્શાવવાનું રહેશે. અને ફ્રોન્ટ સાઇઝ ૧૬માં દર્શાવવાનું રહેશે.તફાવતની વિગત **A 4** સાઇઝનાં એક જ પેજ ઉપર વધુમાં વધુ ત્રણ કે ચાર કર્મચારી ઓની ગણતરી આવરી લઇ તે મુજબ પત્રક રજુ કરવાનાં રહેશે.

૮/- ડી.એ.માં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતાં ઓછી રકમને ગણત્રીમાં લેવાની રહેશે નહી.

ઉપર પ્રમાણેનાં ડેટાપત્રક નીચે જણાવેલ નમૂના મુંજબનાં તફાવત પત્રક સાથે નીચે જણાવેલ તારીખ મુજબ શાળાઓએ અચૂક રજૂ કરવાનાં રહેશે.જણાવેલ તારીખ / સમય સિવાય ડેટાપત્રકો સ્વીકારવામાં આવશે નહી. **ડેટાપત્રક / માહિતી શાળાનાં જાણકાર સાથે મોકલવા રહે.શાળાનાં પટાવાળા સાથે પે.બીલ /ડેટાપત્રક મોકલવા નહી.**

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત જિલ્લો,સુરત

## મોંઘવારી તફાવત પત્રકનો નમૂનો.

| અ.નં. | EMPNO | Name | માસ/વર્ષ | બેઝીક પગાર | ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થુ (૧૭%) | ચુકવેલ મોંઘવારી ભથ્થુ (૧૨%) | મોંઘવારી ભથ્થુ તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુલાઇ-૨૦૧૯ | | | | |
| | | | ઓગષ્ટ-૨૦૧૯ | | | | |
| | | | સપ્ટેમ્બર-૨૦૧૯ | | | | |
| | | | કુલ:- | | | | |

Scanned by CamScanner

મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૦૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૬/૧૧/૨૦૨૦

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

(૩) નાણા વિભાગનો તા. ૧૫/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૯-જીઓઆઇ-૧૬-ચ

## :: ઠરાવ ::

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર સંદર્ભ(૨)માં દર્શાવેલ તા. ૧૩/૦૧/૨૦૨૦નાં સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં તા. ૦૧/૦૭/૨૦૧૯ ની અસરથી મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળનાં પગારધોરણો મુજબનાં પગાર ઉપર સંદર્ભ(૩)માં દર્શાવેલ તા.૧૫/૦૨/૨૦૨૦નાં સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારનાં કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં તા.૦૧/૦૭/૨૦૧૯ની અસરથી મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવામાં આવેલ છે.

જે-તે સમયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ મુજબનાં પગારધોરણ મેળવતાં કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં. તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ એમ કુલ ૬(છ) માસનાં મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની બાકી હતી. સદરહું મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૨) અને (૩)માં દર્શાવ્યા મુજબનાં મોંઘવારી ભથ્થામાં વધારો કરતાં હુકમો કરવામાં આવેલ છે તે કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ એમ કુલ ૬(છ) માસનાં સમયગાળા પૈકીનાં કુલ ૩ માસનાં સમયગાળા માટેની પ્રથમ હપ્તા તરીકેની ચૂકવવાપાત્ર થતી મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

Scanned by CamScanner

પ્રસ્તુત ચુકવણી દિવાળીનાં તહેવાર (તા.૧૪/૧૧/૨૦૨૦) પહેલાં કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(સહી)

(રમઝાન અ. જાફરાની)
સેકશન અધિકારી
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ-:</u>

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ
- પત્ર દ્વારા

ક્રમાંક/આનદ-૨/દા./આક્ષ્ય/૨૦૨૦/૨૦૭૪૬
૭૪૦
નિયામકશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ગાંધીનગર, તા. ૯/૧૧/૨૦૨૦

પ્રતિ,
DEOશ્રી તમામ,

નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૧૬-જાઓઆઈ-૭-૨૮ તા. ૬/૧૧/૨૦૨૦ અમલ કરવા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગભવન

(સહી)
નાયબ નિયામક (આર્થિક)
નિયામક શાળાઓની કચેરી
ગુ.રા. ગાંધીનગર

Scanned by CamScanner

જા.નં.પગારશાખા/એડહોક બોનસ/૨૦૨૦ /૧૧૦૫૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક,
ત્રીજો માળ,અઠવાલાઇન્સ,સુરત.
તા.૨૧/૧૧/૨૦૨૦.

૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

૩/-નાણાં વિભાગનાં તા.૬/૧૧/૨૦૨૦ ઠરાવ ક્રમાંકઃ બનસ/૧૦૨૦૨૦/જીઓઆઇ/૦૪/ચ (નકલ સામેલ છે). અન્વયે વર્ગ-૪ નાં કર્મચારીઓને સને.૨૦૧૯-૨૦ નાં તદર્થ (એડહોક) બોનસ ચુકવવા બાબતનાં સદર પરિપત્રનો સંપૂર્ણ અભ્યાસ કરી નિયમાનુસાર શાળાનાં સંબંધિત વર્ગ-૪ નાં કર્મચારીને મળવાપાત્ર એડહોક બોનસની રકમનાં ડેટા ડીસેમ્બર-૨૦૨૦ નાં નિયત કરેલ તારીખોમાં **બોનસનાં ડેટા R-12 પત્રકમાં E-27 હેડ કોડ દર્શાવી બોનસની** રકમ આકારવી. **ડેટાનાં પાછળનાં ભાગે જરૂરી પ્રમાણપત્ર આપી સહિ /સિક્કા કરવાનાં રહેશે.**

૪/-ગત વર્ષે રજુ કરવામાં આવેલ નિયત પત્રક મુજબ ડેટાપત્રક સાથે બોનસ અંગેનું નિયત પત્રક અને જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનાં રહેશે.

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત જિલ્લો,સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી / આચાર્યાશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક /ઉ.મા.શાળાઓ.

Scanned by CamScanner

ગુજરાત સરકારના વર્ગ-૪ના
કર્મચારીઓને વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે
એડહોક બોનસ ચુકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- બનસ/૧૦૨૦૨૦/જીઓઆઇ/૦૪/ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૧૧/૨૦૨૦

## // ઠરાવ //

રાજ્ય સરકાર દ્વારા સાતમા, છઠ્ઠા અને પાંચમા પગારપંચમાં વર્ગ-૪ ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને સને ૨૦૧૯-૨૦૨૦ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસના વેતન જેટલું એડહોક બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે. એડહોક બોનસની રકમની મહત્તમ મર્યાદા રૂ. ૩૫૦૦/- ની રહેશે. આ હુકમના હેતુ માટેઃ

(૧) પગાર એટલે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯(૫૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો પગાર.

(૨) જગ્યાનો પગાર અથવા પગારધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૧૬, ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ માં તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૯૮ માં નિયત થયેલ અને સુધારવામાં આવેલ પગાર અથવા પગાર ધોરણ.

૨. એડહોક બોનસનો લાભ નીચેની શરતોને આધીન રહીને મળવાપાત્ર થશે.

(૧) એડહોક બોનસનો લાભ ફક્ત વર્ગ-૪ ના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૨) તા. ૩૧/૩/૨૦૨૦ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬(છ) મહિનાની સળંગ નોકરી કરી હોય તે કર્મચારીઓ આ હુકમ અન્વયે કરેલ નોકરીના પ્રમાણમાં ચુકવણીને પાત્ર બનશે. પાત્રતાનો ગાળો નોકરીમાં મહિનાની સંખ્યા (નજીકના આખા મહિનામાં) ના આધારે ગણવામાં આવશે.

(૩) આ હુકમો હેઠળ મળવાપાત્ર એડહોક બોનસનું પ્રમાણ તારીખ ૩૧/૩/૨૦૨૦ ના રોજ

Scanned by CamScanner

મળવાપાત્ર મળતરના આધારે રહેશે.

(૪) એડહોક બોનસની ગણતરી સરેરાશ પગાર/ગણતરી માટેની મર્યાદા એ બે માંથી જે ઓછી હોય તે મુજબ નક્કી કરવાની રહેશે. એક દિવસની એડહોક બોનસની ગણતરી માટે એક વર્ષના મળતરને ૩૦.૪ થી ભાગવાનું રહેશે. ત્યારબાદ જેટલા દિવસનું એડહોક બોનસ મંજુર કરેલ હોય તેટલાએ તેનો ગુણાકાર કરવાનો રહેશે. દા.ત. પાંચમા, છઠ્ઠા અને સાતમા પગારપંચ મુજબ જ્યાં રૂ.૩૫૦૦/- થી વધુ પગાર હોય ત્યાં મહત્તમ મર્યાદા રૂ. ૩૫૦૦/- ધ્યાને લેતાં, ૩૦ દિવસનું એડહોક બોનસ X ૩૦ ÷ ૩૦.૪ = રૂ. ૩૪૫૩.૯૪ (પુરા રૂપિયામાં ૩૪૫૪/-) થશે.

(૫) ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી દરેક વર્ષ માટે ઓછામાં ઓછા ૨૪૦ દિવસ માટે કામ કરેલ હોય તેવા છુટક મજુરો આ એડહોક બોનસની ચુકવણી માટે હક્કદાર બનશે. ખરેખર માસિક વેતનને ધ્યાનમાં લીધા સિવાય રૂ. ૧૨૦૦/- કાલ્પનિક વેતનના આધારે આ રકમ ચુકવવામાં આવશે. ચુકવવા પાત્ર એડહોક બોનસની રકમ રૂ. ૧૨૦૦ X ૩૦ ÷ ૩૦.૪ = રૂ. ૧૧૮૧.૨૧ (આખા રૂપિયામાં ૧૧૮૪/-) થશે. જે કિસ્સામાં ખરેખર માસિક મળતર રૂ. ૧૨૦૦/- કરતાં ઓછું હોય તો રકમની ગણતરી ખરેખર માસિક મળતર ઉપર ગણવાની રહેશે.

(૬) આ હુકમો હેઠળની બધી ચુકવણી નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે.

(૭) ઉપર્યુક્ત જોગવાઇઓ કશુ જણાવતી ન હોય તેવી બાબતમાં તા. ૨૦/૦૫/૧૯૮૯ ના ઠરાવ ક્ર. બનસ-૧૦૮૯-૧૫૬૫-ચ થી બહાર પાડેલ સ્પષ્ટીકરણાત્મક હુકમો અમલમાં રહેશે.

૩. ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ દરમિયાન બોર્ડ અને નિગમમાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા વર્ગ-૪ ના કર્મચારીઓ પણ સંબંધિત બોર્ડ/નિગમોમાંથી એડહોક બોનસ મેળવવાને પાત્ર થશે. જેમણે સંબંધિત બોર્ડ/નિગમોના હુકમો હેઠળ એડહોક બોનસનો લાભ મેળવેલ હશે તેવા કર્મચારીઓને આ હુકમો અન્વયે એડહોક બોનસ મળવાપાત્ર થશે નહીં.

૪. આ હુકમો હેઠળની ચુકવણી જે તે વિભાગના સંબંધિત વિભાગના અનુદાન હેઠળના વેતન હેઠળના વિગતવાર સદર બોનસ ખાતે ઉધારવાનું રહેશે.

૫. રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનોમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના કર્મચારીઓને પણ આ હુકમો લાગુ પડશે. પરંતુ બોનસ એક્ટ હેઠળ જે બોર્ડ/કોર્પોરેશનમાં જે કર્મચારીઓને બોનસ ચુકવવામાં આવતું હશે તેઓને આ હુકમમાં જણાવ્યા મુજબનું

Scanned by CamScanner

એડહોક બોનસ ચુકવવાનું રહેશે નહીં.

૬. ઉપર્યુક્ત હુકમો વર્ગ-૪ ના રાજ્ય સરકારના, પંચાયતના અને પગારભથ્થાની ૧૦૦% ટકા સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જેના વર્ગ-૪ ના કર્મચારીઓને સરકારશ્રીની મંજુરીથી અગાઉ બોનસ અપાયેલ હોય તેવી સંસ્થાના વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પડશે.

૭. ઉપર-૫ માં દર્શાવેલ અનુદાન મેળવતી સંસ્થાઓ માટે આ હુકમથી થતુ ખર્ચ સહાયક અનુદાનના નિયત ઢાંચા પ્રમાણે અનુદાન માન્ય ખર્ચ તરીકે ગણવાનું રહેશે.

૮. મંત્રીમંડળના મહેકમ ઉપરના વર્ગ-૪ ના કર્મચારીઓને પણ ખાસ કિસ્સામાં આ લાભ આપવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમઝાન અ. જાફરાની)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

@ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
@ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
@ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
@ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
@ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
@ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો.

Scanned by CamScanner

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલદરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ (A&E), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ-૩૬૦૦૦૧.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (A&E), ગુજરાત, અમદાવાદ.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ) ગુજરાત, એનેક્ષી બીલ્ડીંગ, પો.બો. નં. ૨૭, રાજકોટ/અમદાવાદ.
- સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેક્ટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટી તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા.
- સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
  સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી. ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટી/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
  સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના મંડળો સહીત).
  નાણા વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ- વેબસાઇટ ઉપર મુકવા સારૂ
@ પત્ર દ્વારા.

ક્રમાંક/અનદ-૨/ધ/આધ્ય/૨૦૨૦/૨૦૭૦૧-૭૫૫
નિયામકશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૯/૧૨/૨૦૨૦

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: બનસ/૧૦૨૦૨૦/જીઓઆઈ/ જ તા. ૭/૧૨/૨૦૨૦ મોકલવા જરૂરી કાર્યવાહી સારું.

નાયબ નિયામક (મહેકમ)
નિયામક શાળાઓની કચેરી
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાના મોકલવા જરૂરી કાર્યવાહી સારું.
- સંયુક્ત નિયામક (હિસાબી), સદર કચેરી.
- જન. મેનેજરશ્રી, ઈન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન,

Scanned by CamScanner